# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૪૮ ● તા. ૧૧ મે થી ૧૭ મે ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનોનું ઓળખપત્ર

KDO JAIN GLOBAL CARD

# કેડીઓ ગ્લોબલ કાર્ડ



માણસને જિંદગીમાં પૈસા હોય
એનાં કરતાં ન હોય ત્યારે
વધારે શીખવા મળતું હોય છે

– અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી

-: કાર્યાલય :-

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.

**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓઝ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પોતાનું આત્મ નિરીક્ષણ સ્વંય કરીએ

દરેક વ્યક્તિને પ્રશંસા પ્રિય છે. એટલે જ તો કહેવાયું છે કે ''ખુશામત ખુદા કો પ્યારી હૈ.'' આપણે ટીકા પ્રત્યે આંખ આડા કાન કરી, પ્રશંસા તરફ વધુ પડતા સજાગતા ધરાવીએ છીએ સાચી પ્રશંસા એક રીતનું પ્રોત્સાહન છે. પણ જો સ્વાર્થ દ્રષ્ટિથી કે મતલબની ભાવનાથી પ્રશંસા કરાઈ હોય તો એ પાત્ર માટે આત્મઘાતી નિવડી શકે છે.

આપણા કાર્યની કરાતી ટીકાનો એક એક શબ્દ આપણને તીરની જેમ ખૂંચે છે. જ્યારે પ્રશંસાનો દરેક શબ્દ આપણને મનગમતો લાગે છે. પોતાના વખાણથી ફૂલાઈને બની જનાર વ્યક્તિએથી આગળ વધી નથી શકતી. તેનો વિકાસ અને પ્રગતિ ત્યાંજ અટકી જાય છે. જ્યારે આપણી કરાયેલી ટીકાનું મૂલ્યાંકન કરનાર વિઘ્નહર્તા બની પૂરજોશથી પોતાની ઈચ્છિત મંઝિલ પ્રાપ્ત કરે છે.

સામેવાળી વ્યક્તિ પોતાની ધારણા મુજબ અભિપ્રાય આપે છે. આની પાછળનો ભાવ, ઉદ્દેશ કે આશયનું મૂલ્યાંકન કરી તેનું વિશ્લેષણ કરવું જોઈએ. સામેનો પાત્ર પોતાનો અમૂલ્ય સમય બીજાના ગુણદોષ કરવામાં જ સારો એવો સમય પસાર કરતો હોય તો એના કરતાં સ્વયં મૂલ્યાંકન કરેતો જિંદગીના ઉચ્ચ તબક્કાએ પહોંચી જાય. બીજાના અભિપ્રાય પર આપણો દોર દમામ ભવિષ્યમાં કયરેક આત્મઘાત નિવડી શકે છે. અન્યના મત પર અને અન્યની ધારણાઓ પર રાખેલો આધાર આગળ જતાં નિરાધાર કરી દે છે. બીજા કોઈના મૂલ્યાંકનને આપણે શા માટે માન્ય ગણીએ? આપણા માટે કોઈ ખોટી ધારણા બાંધે અને એનો આપણે સ્વીકાર કરીએ એ આપણી જાત પર આત્મશ્રદ્ધા ધરાવતા નથી એ વાત પુરવાર કરે છે.

પોતાનું આત્મ નિરક્ષણ સ્વયંકરીએ તટસ્થ અને યથા યોગ્ય રીતે કરીએ તો જ્યાં ભૂલ થતી હશે ત્યાં પણ આપણું ચોક્કસ ધ્યાન જશે અને આ ભૂલમાંથી ઘણું ઘણું શીખવા મળશે.

પોતાનામાં બદલાવ લાવી બીજાની વાત ,બીજાઓના અભિપ્રાય મતને સ્વીકારવાને બદલે આપણે જાતનું સ્વમૂલ્યાંકન શું કામ ન કરી શકીએ? આપણી ખરી પ્રતિભા ત્યારે જ નિખરી ઉઠે છે. જ્યારે તટસ્થ રીતે આપણે આપણું મૂલ્યાંકન કરીએ. આના લીધે આપણે આપણાં જ પ્રેમમાં પડીશું અને આપણું વલણ આપણને અધિક પણે ગમવા લાગશે, અન્ય વ્યક્તિઓને અવગણવાને બદલે મારી જાતનું મૂલ્યાંકન મારે જ કરવું રહ્યું એવો આત્યવિશ્વાસ એવું અભિમાન ખરા અર્થમાં આપણી ઓળખ બની રહેશે, આપણી તાકાત આપણું વ્યક્તિત્વ બની રહેશે.

– જય જ્ઞાતિમૈયા

# કેડીઓ ગ્લોબલ કાર્ડ

## કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનોનું ઓળખપત્ર




ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં કેડીઓ ગ્લોબલ કાર્ડ યોજના રજૂ કરવામાં આવી જેમાં ડોનર કાર્ડ મધ્યે પ્લેટિનમ, ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ અને મેમ્બર કાર્ડ એટલે કે જેનું હવેથી બ્લુ કાર્ડ તરીકે નામ હશે એવા કાર્ડની રજૂઆત કરવામાં આવી.

પ્લેટિનમ ડોનર કાર્ડની કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ (પાંચ લાખ)છે જે તમારા પછીના નેક્સ્ટ એક જનરેશનમાં પણ ચાલશે, જેમાં એક કાર્ડની સાથે છ કાર્ડ પરિવારજનો માટે એડ-ઓન આપવામાં આવશે.(૧+૬=૭) આ બધા જ કાર્ડ નેક્સ્ટ જનરેશન સુધી ચાલશે.

ગોલ્ડ ડોનર કાર્ડની કિંમત રૂપિયા ૩ લાખ છે જે લાઈફટાઈમ કાર્ડ રહેશે, જેમાં પરિવારજનો માટે વધારાના ૪ કાર્ડ આપવામાં આવશે, બધા જ કાર્ડ લાઈફટાઈમ સુધી ચાલશે.

સિલ્વર ડોનર કાર્ડ ની કિંમત રૂપિયા એક લાખ જે પણ લાઈફટાઈમ રહેશે. આ કાર્ડ ની સાથે વધારાનો એક કાર્ડ આપવામાં આવશે બંને કાર્ડ લાઈફટાઈમ સુધી ચાલશે.

Bronze ડોનરકાર્ડ ની કિંમત રૂપિયા ૧૦,૦૦૦ છે જે પંચવાર્ષિક ભરવાના રહેશે. (પાંચ વરસની validity)

બ્લુ કાર્ડની કિંમત રૂપિયા ૨૦૦ વાર્ષિક રહેશે. રૂપિયા ૮૦૦ ભરતા પાંચ વર્ષની મેમ્બરશીપ એકસાથે તમો લઇ શકશો.

સર્વે જ્ઞાતિજનોએ આ કાર્ડ લેવાનું રહેશે

કેડીઓ ગ્લોબલ કાર્ડનું રજિસ્ટ્રેશન ફોર્મ આપણી વેબસાઈટ એટલે kdosm.orgમાં ઉપલબ્ધ છે. કૃપા કરી ત્યાંથી ડાઉનલોડ કરી, પ્રિન્ટ કાઢી (ઝેરોક્ષ પણ ચાલશે) ફોર્મ ભરી તમો તમારા લોકલ મહાજનમાં અથવા ડાયરેક્ટ સમસ્ત મહાજનમાં ચેકથી અથવા કેશથી કાર્ડ માટે એપ્લિકેશન કરી શકો છો. ડાયરેક્ટ પેમેન્ટ ગેટવેનું પ્રોસેસ ચાલુ હોવાથી ઓનલાઈન કાર્ડ પેમેન્ટ માટે હજી થોડો સમય લાગશે. દરગુજર કરવા વિનંતી.

જ્ઞાતિના દાનવીર શ્રેષ્ઠીઓ, દરિયાદિલ જ્ઞાતિજનોએ ડોનેશન કાર્ડ એટલે કે પ્રથમ પાંચ લાખના આઠ જેટલા પ્લેટિનમ ડોનર કાર્ડ લઇ અને કેડીઓ ગ્લોબલ કાર્ડ ની આ યોજનાને એક આગવું સ્વરૂપ આપી અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું હતું. તે જ રીતે અન્ય કાર્ડ ની પણ જાહેરાત થઇ, ઘણા મહાજનોએ પોતપોતાના એરિયામાં ઘણા જ કાર્ડ નોંધાવી ને આ કાર્ડની યોજનાને સંપૂર્ણ સ્વરૂપ અપાયું. કેડીઓ ગ્લોબલ કાર્ડનું સોફ્ટવેર બની રહ્યું છે જે તમારા મોબાઇલને સાંકળીને, વસ્તી

# કેડીઓ ગ્લોબલ કાર્ડ

પત્રક નો નંબર ને બેસ લઈ અને આ કાર્ડ બનાવવામાં આવશે. આમાં તમે પોતે ડાયરેક્ટ મોબાઈલ એપથી કાર્ડ લઇ શકશો (આ યોજના થોડા દિવસમાં શરૂ થશે) અથવા એસએમએસ એટલે સમસ્ત મહાજન સહયોગી અને સ્વાસ્થ્ય મિત્ર, જેઓ સંજીવની યોજના માટે કામ કરી રહ્યા છે, જે તમારા એરિયાના પ્રતિનિધિ હશે જેઓ તમને આ કાર્ડ બનાવવામાં મદદરૂપ થશે. પેમેન્ટ તમો થોડા દિવસો બાદ ઓનલાઇન કરી શકશો, હમણાં ચેક/રોકડા થી પેમેન્ટ કરી શકશો અથવા તમારા લોકલ મહાજનને પણ આ પેમેન્ટ તમે કરી શકશો.

આ કાર્ડનો ઉપયોગ ઘણી જ રીતે મદદરૂપ થશે, સમસ્ત મહાજન ની સર્વે યોજનાનો સેન્ટર પોઇન્ટ આ કેડીઓ કાર્ડ હશે.

કોઈપણ લાભાલાભની વાત હશે અથવા કોઈપણ યોજનામાં સમ્મલિત થવાની વાત હશે ત્યારે આ કાર્ડ બહુ જરૂરી હશે.

વર્તમાનમાં કેડીઓ ગ્લોબલ કાર્ડ કમિટીના ચેરમેન શ્રી કુમાર બાબુભાઈ દંડ, મુંબઈ...તેરા.

કન્વીનીયર શ્રી મુલચંદ ભાઈ પદમશી મોતા નલિયા, બડગરા, સેક્રેટરી તરીકે ફોરમ દિનેશ લોડાયા, સાયરા વડોદરા, ખજાનચી તરીકે ચંદ્રેશભાઈ દિનેશ નાગડા, નલિયા, વડોદરા અને વાઈસ ચેરમેન મિતેશભાઇ પ્રવિણચંદ્ર લોડાયા, નલિયા બેંગલોર અને જોઈન્ટ સેક્રેટરી વિનયભાઈ હીરાચંદ લોડાયા વારાપધ્ધર, મુંબઈ છે.

**DONATION CARD BENEFITS:**
- Special Discount on Mahajan Paid Schemes.
- Donor Name will be Published on SM Website.
- Special Preference in All Mahajan Function with Donor Batches
- Platinum Card & Gold Card Holder will get installment Facility for payment.

**KDO Global CARD HOLDER BENEFITS:**
- KDO GLOBAL CARD is the Center point of all the activities of SAMAST MAHAJAN.
- All Benefits / Facilities will be available only to valid KDO GLOBAL CARD Member only.

**ATTACH OR UPLOAD [ANY ONE] :**
- PAN CARD
- AADHAR CARD
- PASSPORT
- DRIVING LICENSE

આથી બધા જ મહાજનોને વિનંતી છે કે તમારા એરિયામાં વસતા જ્ઞાતિજનોને આ કાર્ડ માટેની યોજનાનો સંપૂર્ણ સ્વરૂપ તેમને દર્શાવી અને સર્વે જ્ઞાતિજનો આ કાર્ડનું ફોર્મ ભરે તેવો પ્રયાસ કરવા વિનંતી. જેથી આપણે આ યોજનામાં સર્વે જ્ઞાતિજનોને સંમિલિત કરી તેમના સુખ દુ:ખમાં મદદ રૂપ થવાનો સમસ્ત મહાજન નો હેતુ જળવાઈ રહે.

કોઈપણ જાતની મદદ માટે કેડીઓ સેવાનો નંબર ૦૯૦૯૯૦ ૪૧૪૧૪ (હમણાં સવારના ૧૧ થી સાંજના ૭ વાગ્યા સુધી)

ગુજરાતના શ્રી ક.દ.ઓ જૈન મહાજનો તથા તેના સભ્યોને જાણ થાય કે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની કે.ડી.ઓ ગ્લોબલ કાર્ડ, સંજીવની (મેડીકલ)ની સ્કીમમાં ગુજરાતમાં વસવાટ કરતા આપણા તમામ જ્ઞાતિબંધુઓ જોડાય અને આપણા સમાજમાં જરૂરતમંદ લોકોને સમસ્ત મહાજનની યોજનાઓનો મહતમ લાભ મળે તે માટે આપણે સૌ સાથે મળીને પ્રયાસ કરીએ અને સૌ પ્રથમ ગ્લોબલ કાર્ડ બનાવી શરૂઆત કરીએ. ટીપે ટીપે સરોવર ભરાય તેમ ગ્લોબલ કાર્ડ થી આપણે આપણા સમસ્ત મહાજનને પ્રોત્સાહન આપી મજબુત બનાવીએ અને સમાજ માટેની સ્કીમો સત્વરે અમલી બને તે માટે શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનને સક્ષમ બનાવીએ. આપણા રોજબરોજના ખર્ચના હિસાબમાં ગ્લોબલ કાર્ડ ખરીદીની રકમ સાવ મામુલી છે પરંતુ સમાજ માટે ખુબજ સુંદર યોગદાન બની રહેશે માટે ગુજરાતમાં વસવાટ કરતા કે.ડી.ઓ.નાં દરેક સભ્યોએ પોતાના ગામ કે શહેરમાં જવાબદારી લઈ સાથ સહકાર આપવા વિનંતી છે સહકારની અપેક્ષા સાથે...

– તિલકચંદ્ર જે ખોના, પ્રમુખ, શ્રી ક.દ.ઓ જૈન પશ્ચિમ એકમ, ગુજરાત.

**SHRI SAMAST KUTCHHI DASA OSWAL JAIN MAHAJAN**
Office : GF, R.No. 3, Anantsiddhi Jain Mandir, Opp. Badwaik Hospital, LBS Marg,
Bhandup -West (Mumbai)- 400 078
Email: info@kdosm.org

# KDO GLOBAL CARD REGISTRATION FORM

| | |
|---|---|
| SELECT CARD | ☐ PLATINUM CARD<br>☐ GOLD CARD<br>☐ SILVER CARD<br>☐ BRONZE CARD<br>☐ BLUE CARD |
| FULL NAME: | |
| GENDER | ☐ MALE ☐ FEMALE |
| ADDRESS: | |
| CONTACT MOBILE No.: | |
| EMERGENCY CONTACT No.: | |
| EMAIL ID: | |
| NATIVE PLACE | |
| VASTI PATRAK No.: | |
| DATE OF BIRTH (DD/MM/YY) | |
| BLOOD GROUP | |
| EDUCATION | |
| OCCUPATION | |
| FAMILY INCOME | ☐ LESS THAN Rs. 2,40,000<br>☐ Rs. 2,40,001 TO Rs. 5,00,000<br>☐ Rs. 5,00,001 TO Rs. 10,00,000<br>☐ Rs. 10,00,001 and Above |
| LOCAL MAHAJAN | |
| MODE OF PAYMENT | **ONLINE:**<br>☐ RTGS ☐ NEFT ☐ TRANSFER ☐ CHEQUE<br>☐ BY LOCAL MAHAJAN |

TERMS & CONDITIONS:

**1. DONATION CARD:**

| | |
|---|---|
| PLATINUM CARD | : Rs. 5 Lakh ( 1+6 Add On cards for next Generation ) |
| GOLD CARD | : Rs. 3 Lakh ( 1+4 Add On cards for Lifetime ) |
| SILVER CARD | : Rs. 1 Lakh ( 1+1 Add On cards for Lifetime ) |
| BRONZE CARD | : Rs. 10,000 ( Valid For 5 Years ) |

**2. MEMBER CARD:**

| | |
|---|---|
| BLUE CARD | : Rs. 200 ( Yearly ) & Blue Card Can Be Paid For 5 Year At a Stroke For Rs. 800/- |

KDO

KDO GLOBAL CARD

IDENTITY OF KDO GYATI
BY SAMAST MAHAJAN

KDO SEVA CALL CENTER
+91 909 904 1414

EMAIL:
seva@kdosm.org

FOR CURRENT BENEFITS
PLEASE VISIT
OUR WEBSITE:
www.kdosm.org

# ૯૯ યાત્રાના બાળ યાત્રિકો દ્વારા ટેલેન્ટ શો યોજાયો





તા. ૫ મે ૨૦૧૯ રવિવારના બપોરે સિધ્ધાચલ ૯૯ યાત્રાના બાલ યાત્રિકો માટે આધ્યત્મયોગી ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં યુવા મુનિ ગુણવલ્લભસાગરજી મ.સા.ની પ્રેરણાથી ટેલેન્ટ શો યોજાયો. આ ટેલેન્ટ શોમાં બાળકોએ પોતાની અંદર રહેલ સુષુપ્ત થઈ છુપાયેલ વિવિધ પ્રતિભાઓનું પ્રાગટ્ય અને પ્રદર્શન કર્યુ હતું. સહુ બાળકો ઉમંગ ઉત્સાહ અને ધગશથી આ શોમાં લાભ લીધો હતો. સંઘપતિ પરિવારો દ્વારા ભાગ લીધેલ બાળકોને પ્રોત્સાહન રૂપે પુરસ્કાર આપી એમનો બહુમાન કરાયેલ. ઉપસ્થિત અન્ય સો બાળકોની વિવિધ કલા પ્રાગટ્યને સહર્ષ માણી તાળીઓથી વધાવ્યા હતા.

# શેત્રુંજય એકડેમીમાં માસ્ટર ઓફ જૈનેઈઝમની ચંદ્રક વિજેતા વિદ્યાર્થીની

પ.પૂ.જયદર્શિતા મ.સા.ના માર્ગદર્શનથી ચાલતી શેત્રુંજય એકડેમીમાં મીનલ વિક્રમ પટેલ મૂળ સાંધાણ. તાલુકો અબડાસા હાલે મસ્જિદબંદરની વિદ્યાર્થીની માસ્ટર ઓફ જૈનેઈઝમના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં ૯૮ ટકા ગુણાંક મેળવી ચંદ્રક વિજેતા મેળવા હકદાર બની છે. જેથી ગામ પરિવારનું નામ રોશન કર્યુ છે. હજુ વધુને વધુ આગળ વધી સિદ્ધિના શિખરો સર કરો એ ભાવના સાથે પી.એચ.ડી. કરો એ શુભકામના સહ

# વસઈ નગરમાં પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા. અને ગુણવલ્લભસાગરજી મ.સા.ના ચાતુર્માસ નિર્ધારીત

શ્રી વિમલનાથ સ્વામી જૈન મંદિર ૧૦૦ ફીટ રોડ, બિકાનેર સ્વીટ પાછળ વસઈ(પશ્ચિમ) સ્થિત શ્રી વસઈ અચલગચ્છ જૈનને તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ સાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભ આજ્ઞાથી જ્યોતિષાચાર્ય ગુરૂદેવશ્રી સર્વોદયસાગરજી મ.સા.ના કૃપાવંત ગુરૂનંદન અધ્યાત્મ યોગી પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદ્‌યરત્નસાગરજી મ.સા. તથા યુવા પ્રવચનકાર પ.પૂ. ગુરૂદેવશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો પાવન ચાતુર્માસનો લાભ મળેલ છે. આની ખબરથી વસઈ નગરના જૈન સંઘમાં ઉત્સવનો માહોલ સર્જાયો છે.

# રાયચુરનગરમાં પંચાન્હિકા મહોત્સવ યોજાયો





કર્ણાટકની ધર્મનગરી રાયચૂરમાં વાત્સલ્ય વારિધિ મહાતપસ્વી દક્ષિણરત્ન પ.પૂ. મુનિવર ગુરૂદેવ શ્રી ધર્મ સાગરજી મ.સા., મહોત્સવના પ્રેરક પ.પૂ. મિશ્રા જગવલ્લભાસાગરજી મ.સા. આદિઠાણા ૪ની મંગલમય નિશ્રામાં સામૂહિક વરસીતપ પારણોત્સવ પ્રસંગ પંચાન્હિકા મહોત્સવના ચતુર્થદિને વરસીતપના તપસ્વીઓનો ઐતિહાસિક વરઘોડો નીકળ્યો હતો.

મુનિ ભગવંતો સાથે સકળ સંઘના ભાઈબહેનો ઉમળકાથી વરઘોડામાં જોડાયા હતા અને ઢોલ વાંજીત્રના તાલે નીકળેલ વરઘોડો તો અનેરો લાભ લીધો હતો.



# અચલગચ્છ આચાર્ય ભગવંતોના નિર્ધારિત આગામી ચાતુર્માસ

શ્રી અચલગચ્છાધિપતિ તપ ચક્રવર્તી પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મ.સા.તથા જ્યોતિષાચાર્ય આ.ભ.પ.પૂ. શ્રી વીરરભદ્રસાગર સૂરીશ્વરજી મ.સા. આદિઠાણા આગામી ચાતુર્માસ નાના રતાડીયા.

સાહિત્ય દિવાકર આ.ભ.પ.પૂ.શ્રી કલાપ્રભુસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણાનો આગામી ચાતુર્માસ નરેડી નગરે.

પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી કવિન્દ્રસાગરસરીશ્વરજી મ.સા.નો આગામી ચાતુર્માસશ્રી ગિરનાર મહાતીર્થમાં અને આગમ અભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા.નો આગામી ચાતુર્માસ દેવલાલી તીર્થે નિર્ધારીત છે.

# ટાઈમ્સ વીમેન્સ ડ્રાઈવમાં શિલ્પા અજાણીની ટીમને બેસ્ટ સોશિયલ મેસેજ એવોર્ડ






ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી યોજાતી અને લિમ્કા બૂક ઓફ રેકોર્ડસ અને ગીનેઝ બૂકમાં જેનો વિશ્વની સૌથી મોટી કાર વીમેન્સ રેલી તરીકે ઉલ્લેખ થયો છે એવી ટાઈમ્સ વીમેન્સ ડ્રાઈવમાં આ વર્ષે શિલ્પા અજાણીની ટીમને બેસ્ટ સોશ્યિલ મેસેજનો પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો છે. ટાટા મેમોરિયલ હૉસ્પિટલના સહયોગથી કેન્સર અવેરનેસ ડ્રાઈવના અંતર્ગત આ કાર રેલી યોજાઈ હોવાથી સોશ્યિલ અવેરનેસ મેસેજનું મહત્વ વધી જાય છે. મુંબઈ, હૈદરાબાદ, બેંગ્લોર અને પુનાથી વિવિધ રૂટ પર બે દિવસનો પ્રવાસ કરી ૫૦૦ જેટલી મહિલાઓએ આ કાર રેલીમાં ભાગ લીધો હતો. સોશ્યિલ અવેરનેસ મેસેજ મળવાથી આનંદિત શિલ્પા અજાણીએ જણાવ્યું હતું કે આ વર્ષે મેં સામાજિક જાગૃતિના ભાગરૂપે દિવ્યાંગ વ્યક્તિઓ ઉપરની થીમ અપનાવી હતી અને એ મેસેજ સફળતાપૂર્વક લોકો સુધી પહોંચ્યો તેનો મને આનંદ છે.






અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે આ જ કાર રેલીમાં શિલ્પા અજાણીની ટીમને બેસ્ટ ડ્રેસ્ડ ટીમ તરીકેનો એવોર્ડ મળ્યો હતો. તા.૬ મે ૨૦૧૯ના ગોવાની હોલિડે ઈન હોટલમાં એવોર્ડ ડિસ્ટ્રીબ્યુશન સેરીમની સંપન્ન થઈ હતી.

# તિરૂપૂરનગરે વર્ષીતપના પારણાત્સોવ યોજાયો







પ.પૂ.સા.શ્રી જિનાંગધર્માશ્રીજીના વર્ષીતપના પારણા શ્રી સુવિધાનાથ જૈન દેરાસર તિરૂપૂરમાં તા. ૭ મે ૨૦૧૯ મંગળવાર અખાત્રીજદિને થયા. પ.પૂ.શ્રી વર્તાશ્રીજી આદિઠાણા તિરૂપૂરમાં ૨૮ એપ્રિલથી સ્થિરતા કરેલ છે. તેઓશ્રીની નિશ્રામાં ત્રણ દિવસીય કાર્યક્રમ થયો. જેમાં તા. ૫ મે ૨૦૧૯, રવિવાર રોજે ૯.૩૦ સવારે સ્નાત્ર પૂજા, તા. ૬ મે ૨૦૧૯ સોમવારે સવારે ૯.૩૦ થી સામૂહિક સામાયિક, સાંજે ૩.૩૦ કલાકે સાંજીગીતનું આયોજન તથા તા. ૭ મે ૨૦૧૯ મંગળવારે સવારે ૯.૩૦ વરઘોડો, શોભાયાત્રા, ૧૦.૩૦ કલાકે પ્રવચન લાભ ૧૧.૩૦ કલાકે વર્ષીતપ પારણા તથા ૧૨.૩૦ કલાકે પ્રવચન લાભ શ્રી લુકરન ચંપાલાલ બોહરા અને સધાર્મિકભાઈઓ રહ્યાં હતા. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. પ.પૂ.સાધ્વીજીના આગામી ચાતુર્માસ કોઈમ્બતુર આસ.એસ.પૂરમ દેરાસર મધે નિધાર્યા છે.

---

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### પ્રોજેક્ટ સ્વાભિમાન હેઠળ યોજવામાં આવનારી પ્રવૃત્તિઓની એક ઝલક

- **દર મહિને આરોગ્યને લગતો એક ન્યુઝ લેટર :** કેડીઓના ડોક્ટરોની મદદ લઇને અમે સિનિયર સિટિઝનોને ઉપયોગી નીવડે એવી આરોગ્ય, ડાયટ, લાઇફસ્ટાઇલ, કસરત વગેરેને લગતી માહિતિ સાથેના માસિક લેખો પ્રગટ કરીશું.
- **કેડીઓ હોમ સ્ટે/ એર બીએનબી :** બહારગામના કેડીઓ પરિવારો, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકોને ટૂંકા ગાળા માટે અથવા લાંબા સમય માટે રહેઠાણની સુવિધા આપવાની સિનિયર સિટિઝનોને તક આપવામાં આવશે.
- **ઘરેથી કામ કરવાની સુવિધા/ પાર્ટ ટાઇમ જોબ :** જેમને આવા જોબમાં રસ હોય એ પોતાના રસ અથવા કુશળતાના વિષયો જણાવી શકે છે, જેના આધારે સ્વાભિમાન ટીમ એ પ્રકારના કામ કરાવવાની જેમને જરુર હોય એમની સાથે સિનિયર સિટિઝનોને મેળવી આપશે.
- **અન્ય પ્રવૃત્તિઓ જેવી કે :** કોર્પોરેટ સીએસઆર, મનોરંજક કેન્દ્રો, વૃદ્ધાશ્રમો, ટેકનોલોજીના બેઝિક ઉપયોગ વગેરે.

**આ ઉપરાંત અલગ અલગ મહાજનો પોતાની રીતે નવી પ્રવૃત્તિઓ શરુ કરી શકે છે. જેમ કે:**

- દરેક મહાજનની ટીમ સ્વાભિમાનના સભ્યો દર મહીને સગવડ અનુસારની જગ્યાએ મળે. (દૂર રહેતા સભ્યો બે ત્રણ જૂથોમાં વહેંચાઇને મળી શકે છે).
- ઇનડોર ગેમ્સ અથવા હોબીઝ ડેનું આયોજન કરી શકે છે.
- જન્મદિનની પાર્ટી અથવા મહીનાના કોઇ ખાસ દિવસની ઉજવણી કરવી
- બેન્કીંગ, આધાર, વસતિપત્રક એપ, ફેસબૂક વગેરે જેવી ઓનલાઇન સર્વિસનો ઉપયોગ કરવો
- જાત્રાનું આયોજન કરવું અથવા અન્ય ટ્રિપ્સ કરવી.

આ તો હજુ શરુઆત છે. દરેક મહાજન પોતાના વિસ્તારની વિશેષ જરુરિયાતોને લગતા સૂચનો મોકલી શકે છે અને સુધારા માટેનું ફીડબેક અમને આપી શકે છે.

**ચેરપર્સન – હેમાબેન ગુલાબ છેડા**     **કન્વીનર – હંસ ભવાનજી ખીમજી**

# ગુણોદય સિધ્ધાચલ યુવા ૯૯ યાત્રામાં બાલ તપસ્વીની તપ અનુમોદના

શ્રી કેયૂર નિમેષ લાપસીયા ગામ રંગપુર હાલે મસ્જિદબંદરએ ગુણગુણોદય સિધ્ધાચલ યુવા ૯૯ યાત્રાઓ છઠ કરીને ૭ યાત્રા કરેલ છે. જેની સકલ સંઘ તરફથી ભાવપૂર્વક અનુમોદના.



# પ.પૂ.સા.શ્રી કીરણકલાશ્રીજી મ.સા.ના કોઠારા તીર્થે ચાર્તુમાસ નિર્ધારીત

જિન શાસન શિરોમણિ તપ, ચક્રવર્તી અચલગચ્છાધિરાજ પ.પૂ.આ.ભ. ગુરૂ દેવશ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની શુભ આજ્ઞાથી શ્રી કોઠારા ક.દ.ઓ અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીજી કિરણકલાશ્રીજી મ.સા.નું સંઘ ૨૦૭૫ વર્ષના ચાર્તુમાસ નિર્ધારીત થવાનો લાભ પ્રાપ્ત થયો છે.

# ગુણ ગુણોદય સિધ્ધાચલ યુવા ૯૯ યાત્રામાં આગામી કાર્યક્રમો

અનંતા સિધ્ધોની સિધ્ધ ભૂમિ, સમગ્ર ૧૪ રાજલોકમાં પવિત્રભૂમિ, શત્રુંજય ગિરિરાજે વિધિપક્ષ અચલગચ્છ સ્થાપના દિન મહોત્સવ અને વર્ષીતપ પારણા મહોત્સવ દિવ્યકૃપા રાષ્ટ્ર સંત ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા., આજ્ઞા શુભાશિષ તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સુરિશ્વરજી મ.સા., શુભાશિષ સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલ્પપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા., સરળ સ્વભાવ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્ર સાગર સૂરીશ્વરજી મ.સા., આધ્યાત્મયોગી શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.આદિઠાણા ૪૨ સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રાદાનમાં તા.૬ મે ૨૦૧૯, સોમવારના શ્રી સીમંધર સ્વામિ મહાપૂજન, તા. ૭ મે મંગળવાર સવારના ૮ કલાકે તપસ્વી શોભાયાત્રા, સામૂહિક ગિરિરાજવંદના અને ચૈત્યવંદન સવારે ૯.૧૫ કલાકે અચલગચ્છવંદન-ધ્વજવંદન સવારના ૧૦.૧૫ કલાકે તપસ્વી મહાત્માઓના વર્ષીતપના પારણા હૃદયભીની અનુમોદના સાથે સંપન્ન થયા.

લાંબે દૂર રહી માત્ર આયોજન કરવામાં વ્યસ્ત રહેતા શહેરી જનો હજી વેકેશનના દિવસો અચલગચ્છની અદ્‌ભૂત ૯૯ના આયોજનને પ્રત્યક્ષ માણવા પુનિત નગરી પાલીતાણામાં અનેરા ધર્મલાભ પામવા અને અદ્‌ભૂત વ્યવસ્થા બાળકોનાં અકલ્પનીય ઉત્સાહ ઉમંગ સ્વનજરે નિહાળી લેવાની અલભ્ય તક આપતા આગામી કાર્યક્રમોમાં તા. ૧૨મી મે રવિવારે સમગ્ર ગિરિરાજના ૩૬૦૦ પગથિયાઓનું સામૂહિક અષ્ટપ્રકારી પૂજા સહિત વિશિષ્ટ રીતે ગિરિપૂજન, તા. ૧૯ મે રવિવારે ફાગણી તેરસ જેવી અદ્‌ભૂત છ ગાઉની યાત્રાની યાદ અપાવી દે એવી છ ગાઉ યાત્રા. તા. ૩૦ મે ૨૦૧૯ ગુરૂવાર સવારે શુભ મુહૂર્ત સંઘપતિઓ તેમજ ૯૯ યાત્રામાં બાળ યાત્રિકોની સંઘમાળ વિધિનો અનુમોદના ઉદગારો આપતો કાર્યક્રમ થશે. આ સર્વે પ્રસંગોને માણવાનો અલભ્ય લ્હાવો મેળવવા પાલીતાણા તીર્થ ભૂમિમાં જરૂર પધારો.

વધુવિગત રામજી શામજી ધરોડ મો.નં. ૯૩૨૩૧૯૧૦૫૦.

# શ્રી સચ્ચાઈ માતાજીને નમતા ક.દ.ઓ. જ્ઞાતિજનની ભવ્યાતિભવ્ય પ્રથમ સામૂહિક પહેડી





શ્રી સચ્ચાઈ માતાજીનીસમૂહ પહેડી તા.૨૦-૦૪-૨૦૧૯ શનિવાર કાલિદાસ ઓપન ગ્રાઉન્ડમાં ભવ્યાતિભવ્ય, આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવી. સહુ પ્રથમ વખત ક. દ. ઓ. જ્ઞાતિના સચ્ચાઈ માતાજીને નમતા ૨૧થી વધુ નુખના ભાવિકો સાથે એકસ્ટેજ ઉપર આવી. સાથે મળી સમૂહ પહેડીની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી. હવે દર વખતે સમસ્ત ક. દ. ઓ. સચ્ચાઈ માતાજીને નમતી સર્વ નુખના ભાવિકો ભેગા મળીને ઉજવણી કરશે. અને એક જ પહેડી મુંબઈમાં ઉજવવામાં આવશે. એવું સર્વ જણ સહમત થયા હતા. છેલ્લા ૫ વર્ષથી સમસ્ત લોડાયા પરિવાર ભેગા મળીને













# શ્રી સચ્ચાઈ માતાજીને નમતા ક.દ.ઓ. જ્ઞાતિજનની ભવ્યાતિભવ્ય પ્રથમ સામૂહિક પહેડી





પહેડીનું ભવ્ય આયોજન કરતા હતા. પણ સમસ્ત મહાજનના છેલ્લા સંમેલનમાં પહેડી માટેની ચર્ચા થઇ. અને સમસ્ત લોડાયા પરિવારે એક નવી પહેલ શરુ કરીને સચ્ચાઈ માતાજીને નમતા સર્વે નુખના ભાવિકોએ મળીને ચર્ચા વિચારણા કરી અને એકજુટ થયી સુંદર કાર્યમાં સહમતી આપેલ. અને આ પહેડીનું સુંદર આયોજન કરવામાં આવેલ અને સમાજને એકજુટ થયી આગળ ધપવા ઉદાહરણ આપેલ. સચ્ચાઈમાંની પહેડીમાં દેશદેશાવર તથા સમગ્ર મુંબઈથી ભાવિકો માતાજીની પહેડીમાં દર્શન તથા પ્રસાદનો લાભ લેવા ઉમટી પડ્યા હતા. સચ્ચાઈ માતાજીની પહેડીના અલગ - અલગ ચડાવા સર્વ લાભાર્થી પરિવારો તથા સહયોગી પરિવારના સાથ અને સહકારથી સુંદર રીતે પહેડી સંપન્ન થયી હતી. પહેડીમાં મ્યુઝિકલ ઇવેન્ટ શ્રી મિલન લોડાયા (દખારોસ ગ્રુપ) દ્વારા સુંદર સેવાનો લાભ મળેલ. આયોજક સમિતિ દ્વારા સુંદર જહેમત ઉઠાવી પહેડીને સફળ બનાવેલ.















# શ્રી અનંતનાથ દેરાસરે શ્રી અનંતનાથ ભગવાનના જન્મ,દિક્ષા તથા કેવળ કલ્યાણક નિમિતે ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવાયો





મસ્જિદ બંદરે ૧૮૬ વર્ષથી ગાદીનસીન થયેલ શ્રી અનંતનાથ ભગવાનનો ચૈત્ર વદ ૧૩ ને૧૪ ના જન્મ,દિક્ષા તથા કેવળ કલ્યાણક ઉજવવા અનંતનાથ દેરાસરે,શ્રી મુંબઇ મહાજન તથા મસ્જિદ બંદર સંઘ દ્વારા તા. ૧.૫.૧૯ બુધવાર થી તા. ૩.૫.૧૯ શુક્રવાર દરમ્યાન ત્રિહાન્હિકા મહોત્સવ પ.પૂ. સાધ્વીશ્રી અરુણપ્રભાશ્રી મ.સા. ના શિષ્યા સરળ,સૌમ્યભાવી પ.પૂ.સાધ્વીશ્રી નંદિવર્ધનાશ્રી મ.સા. આદિ ઠાણાઓની તથા યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા..ની પાવન નિશ્રામાં ઉલહાસપૂર્વક ઉજવાયો.





તા.૧.૫.૧૯ ને બુધવારે માતુશ્રી મંજુલાબેન શામજી ખોનાની પુત્રવધુ અ. સૌ. કુંદનબેનના દ્વિતીય વર્ષીતપની પૂર્ણાહુતિએ શ્રી નરેશભાઈ દ્વારા વિધિકાર ૨૨માં વર્ષીતપ તથા નવકારમંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઇ નંદુ તથા મેઘકુમાર અને સંગીતકારોના સથવારે ઋષિમંડળ મહાપૂજનનું આયોજન ભવ્ય રીતે કરવામાં આવેલ.પૂજન બાદ પરિવાર તરફથી ચાંદીની ગીનીથી સંઘપૂજન તથા સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ. સાંજે મહાકાળી માતાજીની ભાવના પ્રેમીલાબેન જયંતભાઈ કુરુવા પરિવાર તરફથી મસ્જિદબંદર સંઘની બહેનો દ્વારા ભણાવવામાં આવેલ.



તા.૨.૫.૧૯ ને ગુરુવારે શ્રી અનંતનાથ ભગવાનના જન્મ કલ્યાણક નિમિતે પ્રભુજીને જેમ પાંચ રૂપ ધારણ કરી ઇન્દ્ર મહારાજાઓ અભિષેક કરે તેમ પૂજ્ય સાધ્વીશ્રી મ.સા. ના માર્ગદર્શનને સંઘના ભાવિકો દ્વારા વિવિધ સુગંધિત જળોના તથા ઔષધિઓ વળે ૨૫૦ અભિષેક કરવામાં આવેલ. અભિષેક પૂર્ણ થયા બાદ કુ.અદિતિ-આયુશી હિરેન નવીનચંદ્ર લાપસીયા પરિવાર દ્વારા લાડુની પ્રભાવના કરવામાં આવેલ.

તા.૩.૫.૧૯ ને શુક્રવારે શ્રી અનંતનાથ ભગવાનના ચૈત્ર વદ ૧૪ ના દિક્ષા તથા કેવળ કલ્યાણકના પાવનકારી દિવસે દીક્ષા કલ્યાણકની ઉજવણી નિમિતે પૂજ્યશ્રીઓ દ્વારા દિક્ષાના વિવિધ ધાર્મિક ગીતો પ્રસ્તુત કરાયા તેમજ બેઠું વર્ષિદાન કરવામાં આવેલ જેનો લાભ પ્રેમીલાબેન જયંતભાઈ કુરુવાએ લીધેલ.

# શ્રી અનંતનાથ દેરાસરે શ્રી અનંતનાથ ભગવાનના જન્મ,દિક્ષા તથા કેવળ કલ્યાણક નિમિતે ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવાયો





તારીખ મુજબ ગયા વર્ષે ચાતુર્માસે બિરાજેલ પૂ.રાજનંદીનીશ્રી મ.સા. તથા પૂ.પૂણ્યવંતાશ્રીજી મ.સા. નો દિક્ષા દિવસ પણ તા.૩.૫ હોતાં અને પ્રથમ વખત શ્રી અનંતનાથ ભગવાનના પાંચે પાંચ કલ્યાણકમાં પ.પૂ.સાધ્વીશ્રી નંદિવર્ધનાશ્રી મ.સા. આદિ ઠાણાઓની નિશ્રા  સંઘને સાંપડતા શ્રાવક-શ્રવિકાઓનો ઉત્સાહ,ઉમંગ અનેકગણો હતો. તથા પૂજયશ્રીઓ દ્વારા દિક્ષા કલ્યાણક ના મંગલકારી દિને તથા પ.પૂ.સાધ્વીશ્રી નંદિવર્ધનાશ્રીજી મ.સા. ૨૬.૪.૧૯ના સંયમના ૫૦ માં વર્ષમાં પ્રવેશ કરવાની ખુશાલી રૂપે ભાવિકોને વિવિધ ચારિત્રને અનુરૂપ ધારણા અભિગ્રહ પચ્ચખાણની પ્રેરણા કરી હતી જેનો પ્રતિસાદ બહોળી સંખ્યામાં ભાવિકોએ આપેલ.કાર્યક્રમ બાદ ૫/-રૂ.નો સંઘપૂજન પ્રેમીલાબેન જયંતભાઈ કુરુવા તથા ૫/-રૂ.નો સંઘ પૂજન શ્રી મસ્જિદબંદર સંઘ તરફથી કરવામાં આવેલ.




# હૈદ્રાબાદ-ભુજ સીધી ટ્રેન સેવા શરૂ કરવા માટે ગુજરાત મુખ્યમંત્રીને વિનંતી કરાઈ



અમદાવાદમાં આયોજિત એક સમારંભમાં ગુજરાતના મુખ્યમંત્રી માનનીય વિજયભાઈ રૂપાણી સાથે શિષ્ટાચાર મુલાકાત કરી પ્રાણીમિત્ર અને જીવદયા પ્રેમી રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશનના સલાહકાર નાનજીભાઈ પટેલ, રાહુલ છેડા અને સુરેશ પટેલ તથા અન્યોએ હૈદ્રાબાદ-ભુજ વચ્ચે ડાયરેક્ટ સળંગ ટ્રેન સેવા શરૂ થાય એ માટે કેન્દ્રને ભલામણ કરવા વિનંતી કરી હતી.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટ્સએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**



# વિરાર સંઘમાં કન્યા શિબિરનો પ્રારંભ







અચલગચ્છાધિપતિ સંઘ વિરારમાં તા. ૬ મે ૨૦૧૯, સોમવારના રોજ કન્યા શિબિરનો પ્રારંભ દીપપ્રાગટ્ય દ્વારા કરાયો. આ પ્રસંગોની શરૂઆત પ.પૂ.સા.શ્રી દિવ્ય પૂર્ણાશ્રી જી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં થઈ હતી.

શિબિરમાં બહોળી સંખ્યામાં કન્યાઓ જોડાઈ છે. શરૂઆતે કન્યાઓ પોતાની અભિવ્યક્તિનું પ્રાગટ્ય વિવિધ રીતે સૌ સમક્ષ રજૂ કરી હતી.



# વડોદરામાં શાઈનીંગસ્ટાર પાઠશાળાનો પ્રારંભ





વડોદરાનગરના શિક્ષણ પ્રેમી ધર્માનુરાગી માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવાર છેલ્લાં ૨૦ વર્ષોથી જ્ઞાતિ સમાજના વિદ્યાર્થીઓને અનેક રીતે પ્રોત્સાહિત કરતા રહે છે. આ વર્ષે સમાજના બાળકો સહિત બધાને માટે ધાર્મિક જ્ઞાન સુલભતાથી મળે તે હેતુથી શાઈનીંગ સ્ટાર પાઠશાળાની તા. ૫ મે, ૨૦૧૯ રવિવારના શરૂઆત કરાઈ.

દંડ પરિવારની પરંપરાને આગળ ધપાવતા, સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથભાઈના પૂર્ણ પીઠબળ અને સહયોગથી આ શાઈનીંગ સ્ટાર પાઠશાળા ની શરૂઆત કરાઈ છે. સંસ્કૃત અને પ્રાચીન ભાષામાં રહેલી ગુરૂવંદન, દેવ દર્શન વિધિ, નવકાર મંત્ર વિગેરેના અંગ્રેજી તથા ગુજરાતીમાં અર્થ સહિત ખૂબજ સારી સમજણ આપવામાં આવી. બહોળી સંખ્યામાં ભાઈ બહેનો ઉપસ્થિત રહી કાર્યને પ્રોત્સાહિત કર્યા હતા. બાળકો અને સૌને ધર્મ કાજ અને જ્ઞાનની સમજ મળી રહે એ માટે પાઠશાળા રૂપી બહુમુલ્ય શિક્ષણ અને ધર્મ સંસ્કાર ધામ માટે સહયોગી થનાર દંડ પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.




ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

**Bipin Nagda**
**Insurance & Financial Services**
**An ISO 9001:2015 Certified Co.**
**India's Leading Agent**
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
**Mob. : 9323525000**
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com



**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**
મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.
**CERTIFICATE COURSE**
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**
Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજીનું પર માં વર્ષીતપનું પારણું થયું શંખેશ્વર નગરે






અચસગચ્છાધિપતિ પરમ ઉપકારી તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નું તા. ૭ મે ૨૦૧૯, મંગળવાર અખાત્રીજના મંગલદિને પરમાં વર્ષીતપ (સળંગ ૫૦મું) પારણું શંખેશ્વર નગરે સકળ સંઘના અસંખ્ય ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં થયું અને ભવ્યતાથી ઉજવાયું.






# હુબલી નગરે પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી આદિઠાણાના ચાતુર્માસ

જિન શાસન શિરોમણિ તપ ચક્રવર્તી અચલગચ્છાધિરાજ પ.પૂ.આ.ભ. ગુરૂદેવશ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની શુભ આજ્ઞાથી સાહિત્ય દિવાકર સંઘવત્સલ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના કૃપાવંત શિષ્યરત્ન દક્ષિણરત્ન મહાતપસ્વી પ.પૂ.મુનિપ્રવર ગુરૂદેવશ્રી ધર્મપ્રભ સાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી રાજશેખરસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ધર્મ શેખરસાગરજી મ.સા. આદિઠાણા ૩ના સવંત ૨૦૭૫ના ચાતુર્માસ હુબલી તીર્થમાં નિર્ધારીત લાભ મળ્યો છે.

હુબલી જૈન સંઘના ૧૦૦ વર્ષીય ઈતિહાસ અચલગચ્છીય મુનિવરોના આ પ્રથમ ચાતુર્માસ છે. ચાર્તુમાસ સ્થળ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન શ્રી અજીતનાથ જિનાલય કંચારગલી, હુબલી-કર્ણાટક સૌ ગુરૂભક્તો આદરણીય ગપરૂવર્ય ભગવંતનો દર્શન-વાણી સહસત્સંગ લાભ લેવાનો હાર્દિક આમંત્રણ છે.

# વિરાર અચલગચ્છ જૈનની કન્યા શિબિરમાં પ્રભાતફેરી નીકળી





પ.પૂ.શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા.આદિઠાણાની નિશ્રામાં વિરારમધે યોજાયેલી કન્યા શિબિરમાં પ્રભાતફેરીનું આયોજન કરાયું હતું. કન્યાઓનો ઉત્સાહ આ પ્રભાતફેરીમાં ધ્યાનાર્ષક હતો. સૌ કન્યાઓ આનંદ ઉમંગથી પ્રભાતફેરીમાં જોડાઈ ધન્યતા અનુભવી હતી. શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી અનુકંપા દાનનો સેવા કાર્યક્રમ રાખી જન સેવા કરાઈ હતી.






## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**




● ભુજની શાઈનિંગ કલબ લેડીઝ કલબ દ્વારા જરૂરિયાતમંદ ૪૫ જેટલી વૃદ્ધ મહિલાઓને વાંઢાય, માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ સહિતના તીર્થ સ્થાનોની યાત્રા કરાવાઈ હતી. યાત્રાળુઓ માટે બેટાઈમ ચા-નાસ્તો, ફ્રૂટ સહિતના વ્યવસ્થા કલબની બહેનો દ્વારા કરાઈ હતી.

● વડનગરા નાગર મહિલા મંડળ ભુજ દ્વારા દેશભક્તિ ગીતની હરિફાઈ યોજાઈ હતી. નારીશક્તિની ખીલવણી થાય અને દેશપ્રેમને વાચા આપવા અને શહીદોને શ્રદ્ધાંજલિ આપવાના હેતુસર આ હરિફાઈનું આયોજન કરાયું હતું. ભાગ લેનારી દરેક બહેનોને આશ્વાસન તથા પ્રથમ ત્રણ વિજેતાને ઈનામો અપાયા હતા.

● અંજાર તાલુકાના સતાપર ગામે ગોવર્ધન પર્વતની તળેટીમાં નિર્માણ પામનારા અને કચ્છ પાટણ પ્રાથરિયા આહીર સમાજ દ્વારા સંચાલિત ગોવર્ધન આહીર કન્યા વિધાસંકુલના ખાત મુર્હુતના વાર્ષિક ઉત્સવ પ્રસંગે ૨૫ કરોડથી વધુના દાનનો ધોધ વહ્યો હતો. આ પ્રસંગે ૨૯૦ થી વધુ રૂમના દાતાઓ નોંધાયા હતા. ૪૨ એકરમાં ૩૦ કરોડથી વધુ રકમના લાગતથી નિર્માણ કાર્ય જારી છે. આવતા સત્રથી આ સંકુલમાં ધોરણ ૯થી શૈક્ષણિક કાર્ય શરૂ કરવાની નેમ છે.

● અબડાસા, લખપત, નખત્રાણા અને માંડવી વિસ્તારમાં રખડતા પશુઓને વાલરામજી પાંજરાપોળ રાતા તળાવએ આશરો આપતા અત્રે અગ્યાર હજાર ગૌવંશનો નિભાવ થઈ રહ્યો છે. ૪૮ વાડામાં ૩૫૦ થી ૪૦૦ પશુઓ રાખવામાં આવ્યા છે. જુદા જુદા વિભાગવાર ૩ થી ૪ માણસો દેખરેખ માટે હોય છે. સવારે ચારો આવે પછી બે વખત અવાડામાં પાણી પીવડાવવા બહાર કાઢે. ત્રણ વખત સૂકો-લીલોચારો આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. નાના વાછરડા વાછરડીને અલગ તારવી ગાયોથી અલગ વાડામાં રખાયા છે. પ્રત્યેક મોટા ઢોરને ૧૪ થી ૧૫ કિલો ચારો, ૫૦ લિટર પાણી મળે એવી વ્યવસ્થા કરાઈ છે. ત્રણ હજાર આખલાઓને ગાયો વાછરડાથી દૂર રાખવામાં આવ્યા છે. કુલ ૫૫ એકરમાં ગૌવંશનો રખરખાવ કરાય છે. ૨૫ જેટલા અવાડા રોજ ભરાય છે. બાલચોડ ડેમ માંથી ૩ થી ૪ કિલોમીટર સુધી પાઈપલાઈન દ્વારા જરૂરતનું પાણી લઈ અવાય છે.

● વર્ષ ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમ્યાન દુશ્મન સેનાના બોમ્બમારા વચ્ચે રનવે રિપેર કરી હિંમત અને દેશપ્રેમનું ઐતિહાસિક ઉદાહરણ આપનારી કચ્છ માધાપરની વીરાંગનાઓની ગાથા બોલીવુડના રૂપેરી પડદે ધ ભુજ-પ્રાઈડ ઓફ ઈન્ડિયા નામે ટુડારાશે, આ ફિલ્મનું નિર્માણ ટી સિરીઝના ભૂષણકુમાર કરનાર છે. તત્કાલીન ભુજવાયુસેનાના વિંગ કમાન્ડર વિજય કર્ણિકની ભૂમિકા અજય દેવગન ભજવશે.

● એંકરવાલા અહિંસા ધામના ઉપક્રમે ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર દ્વારા પશુધનના લાભાર્થે મુલુંડના કાલિદાસ સભાગૃહમાં સંગીતનો રંગારંગ કાર્યક્રમ યોજાયો. પ્રાગપુર ખાતે પશુઓ માટે નવા આઈસીયુ માટે ફંડ ભેગું કરવા એક લાખના ૧૦૮ કુપન જારી કરાયા હતા. જેને દાતાઓ તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો. હાલમાં પાંચહજાર ગાય વિગેરે પશુઓનો નિભાવ કરાય છે.

● સિંધની સુમરીઓનું શિયળ બચાવવા પોતાનો જાન ન્યોછાવર કરનાર અબડાસા તાલુકો જેના નામથી ઓળખાય છે. એવા બલિદાન મૂર્તિ વીર જખરાજી ઉર્ફે અબડા અડંભગના ૭૫૯ મા જન્મોત્સવ નિમીતે બે દિવસીય કાર્યક્રમ અને લોક મેળો તથા સંતવાણી રામપર (અબડા) નજીક આવેલી જામ અબડા અડંભગની ખાંભી સ્થળે યોજાયા. સંતવાણીમાં ૩.૪૦ લાખની ઘોર થઈ હતી.

# જીવન ઘટમાળ

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૪-૨૦૧૯ | ઈસાનપુર | ક્રિયાન તુષાર સાંયા | સુજાપુર | પુત્રી |
| ૨૪-૦૪-૨૦૧૯ | થાણે | ધાર્મી હિતેશ મોમાયા | સાંયરા | પુત્રી |
| ૩૦-૦૪-૨૦૧૯ | યુ.એસ.એ. | સમક્ષ યોગેશ મુનવર | કોઠારા | પુત્ર |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૫-૨૦૧૯ | જખૌ | જયાબેન ગોવિંદજી મૈશેરી | જખૌ | ૮૦ |
| ૦૫-૦૫-૨૦૧૯ | માટુંગા | મધુકર પ્રેમચંદ છેડા | તેરા | ૬૨ |
| ૦૮-૦૫-૨૦૧૯ | વડાલા | નરેશ લલિત નાગડા | સુથરી | ૪૮ |
| ૦૮-૦૫-૨૦૧૯ | હુબલી | હિરેન ચીમનલાલ લાલકા | વારાપધર | ૬૨ |

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૫-૨૦૧૯ | ઘાટકોપર | ભૌમિક જયંત ગોવિંદજી લોડાયા (અજાણી) | કોઠારા | ૨૬ |
| | મુલુંડ | શીતલ નરેશ દામજી સોની | વાંકુ | ૨૪ |
| ૦૭-૦૫-૨૦૧૯ | ભુસાવલ | હેમંત દિપક લાલજી પોલડીયા | ગોએરસમા | ૩૧ |
| | બદલાપુર | રૂચીતા અતુલ પ્રતાપ લોડાયા | સાયરા | ૩૦ |
| ૦૭-૦૫-૨૦૧૯ | ભાંડુપ | ચિરાગ મનોજ નવીનચંદ્ર મોતા | રાયધણજર | ૩૦ |
| | ઘાટકોપર | ઊર્મિ પ્રફુલ વિસનજી મુનવર | જખૌ | ૨૪ |

**● અંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૫-૨૦૧૯ | મુલુંડ | પ્રિયંક શૈલેશ કેશવજી જોબનપુત્રા | ભુજ | ૨૯ |
| | મુલુંડ | અંકિતા તિલક વેરશી લોડાયા | દલતુંગી | ૩૧ |
| ૦૭-૦૫-૨૦૧૯ | મસ્જિદ | ધવલ પ્રશાંત સુરેશ ધરમશી | મંજલ રેલડીયા | ૨૪ |
| | વાશી | રૂચી ચેતન મંગલદાસ ઠક્કર | મસ્કા | ૨૪ |
| ૦૭-૦૫-૨૦૧૯ | માટુંગા | ધ્રુવ જયંત લક્ષ્મીચંદ લાપસિયા | રવા | ૨૬ |
| | સાયન | વિધિ સંજય વિનોદચંદ્ર વોરા | દેલવાડા | ૨૬ |
| ૦૯-૦૫-૨૦૧૯ | મુલુંડ | અવલ જિતેન્દ્ર લક્ષ્મીચંદ શિઆલ | જખૌ | ૨૫ |
| | ચેમ્બુર | નિયતિ મેહુલ ગોવિંદભાઈ મહેતા | સાવરકુંડલા | ૨૫ |
| ૧૧-૦૫-૨૦૧૯ | દાદર | નીતેશ યાડગીરી સત્યનારાયણ કોમ્ટી | વારંગલ | ૨૭ |
| | મુલુંડ | ભૂમિ પરેશ રાયચંદ લોડાયા | સાંધવ | ૨૬ |

## અમારૂં નવું સરનામું અને ફોન

**શ્રી દામજી ટોકરશી મોતા (રાપર)** હાઉસ નં. ૪૦૩, ૩ જે માળે ઓર્ચિડવેલી એપાર્ટમેન્ટ, ૨જો ક્રોસ, હોસુર એરીયા હુબલી ૫૮૦૦૨૧.
મો. નં. 9535873882

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



Name : Hiren Javerkant Ratanshi Motta

Date Of Birth: 06.07.1989

Mumbai Time : 6:20 A.m

Hight : 5'5"

Weight: 55 Kg

Native Place : Kutch - Naliya

Education : S S C , Diploma Computer Engineering Courses

Occupation : Own Shop M/S Hiren Computers, Hardwar, Repairing, Maintenance Money Transfer All Over India

Income : 5- 6 Lac P/ A

Father : Javer Kant Ratanshi Motta 9833934281

Self - Employed Shah Snack Corner

Mother : Pushpa Javer Kant Motta 9321426131.

Self - Employed Shah Stationery & Xerox Center

Sister : 3 Sister Married

1 ) Rajal Paras Kurwa

2) Charul Kamal Lodaya

3) Mica Somnath Kodlor

Dada : Shah Ratanshi Ghelabhai Motta

Nana : Shah Mulji Tokershi Momaya - Varadia

Hobbies : Cricket , Traveling.

Address : 3, Chiragguddin Bunglow Chawl, Chirag Nagar, Opp Attar Advocate Ghatkopar (W), Mumbai 400086

Contact : 9619971212

**Gyatimaiya KDO Mahajan Code No. B-27**



Name : Dharshana Girish Momaya

Date Of Birth : 14-09-1992

Birth Time : 1:20 Pm

Height : 5.1"

Weight : 79 Kg

Birth Place : Bagalkot

Native Place : Varadia

Father : Girish Kumar Momaya

Mother : Geeta Girish Momaya

Sister : Pooja Girish Momaya

Occupation Of Father : Accountant And Tax Consultant

Nanana : Padamshi Visnji Dharamshi Kothara, Bagalkot

Education Qualification : Bca From M.g. University, Kerala : Ms In Software Eigneering From Bits, Pilani

Present Activity : Working With Ibm As "Senior Systems Engineer" Since June 2018

Previous Activity : Worked With Wipro For 4.5 Years

Languages Known : English, Hindi, Gujarati, Malayalam, Kutchi

Address : 5/699 (G) "Gautham", Gujarathi Road, Mattancherry, Cochin – 682002

Phone Number : Resi - 0484-2225412

Mob - +91-9895003777 / 9349225412

**Gyatimaiya KDO Mahajan Code No. G-28**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

**(ZERO DEP COVER ALSO AVAILABLE)**



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO | Gyatimaiya Weekly E-magazine | KDO